July 2018

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Year 12 ● Issue 9 / 137 ● Mumbai ● Page 16 ● Price Rs. 2/- ● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...

શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણી સમગ્ર સમાજને સામેલ કરી, શાનદાર રીતે ઉજવાય તે માટે સંસ્થાની દરેક સમિતિઓ કાર્યરત છે. આ વસ્તુ સ્થિતિને ખાસ ધ્યાનમાં રાખી વિશાળ જન-મેદની સમાઈ શકે, રાત્રે ૭.૦૦ વાગ્યાથી મધ્યરાત્રી સુધી દાંડિયારાસ રમી શકાય તે હેતુથી વિલેપાર્લા - એરપોર્ટ પાસે હોટલ સહારા ઈન્ટરનેશનલમાં રવિવાર તા. ૩૦-૦૯-૨૦૧૮નાં દાંડિયારાસનો રંગારંગ કાર્યક્રમ આયોજિત કર્યો છે. સહાર એરપોર્ટ શહેરની મધ્યમાં હોવાથી સૌને અનુકૂળતા રહે અને લગભગ ૫ કલાકના સમયમાં સૌ આનંદથી એકબીજાને Five Star માહોલમાં મળી અને પ્રસંગને માણી શકે, તેવી બધીજ વ્યવસ્થા આ પ્રસંગે કરવામાં આવેલ છે.

ગત વર્ષે પાટણ પ્રિમીયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ (PPL)નું સફળતાપૂર્વક આયોજન થયું હતું. આ વખતે પણ તા. ૩૦-૯-૨૦૧૮ને દિવસે બપોરે ૩ થી ૬.૩૦ દરમ્યાન ક્રિકેટ ખેલાડીઓના Auction સીલેક્શનથી શરૂઆત સહારા ઈન્ટરનેશનલમાં જ થશે. સમાજના નવયુવાનો ક્રિકેટના માધ્યમથી વધુ નજીક આવે અને રમતગતમાં સામેલ થાય એવી અમારી ઈચ્છા છે.

જીવન સૌરભ સમિતિ દ્વારા સિનિયર સિટીઝનનો માટે જાન્યુઆરી ૨૦૧૯માં 'મણિલક્ષ્મી' તીર્થની યાત્રાએ લઈ જવાનું આયોજન થઈ રહ્યું છે જેની વિગતો આ અંકમાં પાન નં. **પાંચ પર** છે.

શ્રી પાટણ જૈન મંડળની શિક્ષણ સમિતિ દ્વારા છેલ્લા ચાર મહિનામાં ૧૦ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવા લોનની વ્યવસ્થા તેમજ માર્ગદર્શન અપાયેલ છે. દેશ તેમજ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓએ માર્ગદર્શન તેમજ લોન વિગેરે માટે મંડળનો સંપર્ક કરવો. આપણા સમાજના વધુમાં વધુ સભ્યો ઉચ્ચ અભ્યાસમાં જોડાય તે માટે સંસ્થા પ્રયત્નશીલ છે.

શતાબ્દી નિમિત્તે થનારા અનેક કાર્યક્રમોની વિગતવાર જાણકારી પ્રતિબિંબમાંથી મળી રહેશે આપ સૌ આ આયોજનોમાં આત્મિયતાથી સહભાગી થશો તેમજ આપના સૂચનો પાઠવશો એજ અભ્યર્થના.

❑ દિનેશ શાંતિલાલ શાહ

## From President's Desk...



The preparation for the Centenary Celebrations for Shree Patan Jain Mandal have began in full swing. To start with a Dandiya Rass Programme has been organized on 30-9-2018 at Hotel Sahara International, Vileparle, from 7 p.m. onwards until midnight. It has been decided to be held here. So that majority of us can participate and the program can continue without any hindrance. The central location of the hotel and its Five Star ambiance will all contribute to the success of the programme.

The auction for the teams for the PPL cricket tournament shall also take place at Hotel Sahara International on 30-9-2018 between 3 p.m. – 6.30 p.m. The enthusiastic response of the youth of our samaj during the last season has encouraged us to continue with this again. It is our intention to bring the youth of Patan closer together by the medium of Sports and other recreation activities.

A Jatra has been organized for the Senior Citizens of our samaj in January to "Manilaxmi Tirth" Details regarding this have been printed on page No. 5.

The education committee of Shree Patan Jain Mandal has granted loans to 10 students to pursue higher education abroad. We wish them success.

All information relating to the Centenary Celebrations shall be regularty printed in the Pratibimb which please note.

❑ Dinesh Shantilal Shah



# શ્રી પાટણ જૈન મંડળ

## ભવ્ય શતાબ્દી ઉજવણીના પ્રારંભે

### શતાબ્દી ઉજવણી સમિતિ રજૂ કરે છે

# રાસ–ગરબાની રમઝટ

## Garba-Dandiya Evening Highlights

- Dance to the energetic Garba & Dandiya Songs performed LIVE by renowned singers in the 28000 Sq.ft. Largest Pillarless Airconditioned Hall.
- Win Fabulous Prizes for Best Dress & Dance
- Lucky Draw

**Sunday, 30-09-2018, 7.30 pm onwards**

**Sapphire Hall, Sahara Star Hotel**

**Vile Parle (E), Mumbai - 400099**

**Donation Pass Rs. 50/-**

More details please contact Shree Patan Jain Mandal

Tel. 22811346 • 22811218 • Mobile: 9167902267

ખાસ નોંધઃ દાંડિયા રાસના વિશાળ ખર્ચને પહોંચી વળવા સ્પોન્સરો આવકાર્ય છે.

## શતાબ્દી મહોત્સવ ઉજવણી

શ્રી પાટણ જૈન મંડળના મુખ્ય હોદ્દેદારો, દરેક પેટા સમિતિના માનદમંત્રીઓ, મિત્રમંડળના હોદ્દેદારો તેમજ શુભેચ્છકોની એક સયુંક્ત સભા તા. ૧૪-૦૭-૨૦૧૮ના દિને યોજાયેલ.

આ સભામાં મંડળના ઉપપ્રમુખ શ્રી વીરેન્દ્રભાઈ પોપટલાલ શાહ તથા શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ દ્વારા જણાવેલ કે, સંસ્થાની શતાબ્દીની ભવ્ય ઉજવણી કરવા અંગેની ચર્ચાઓ છેલ્લા બે વર્ષથી કરવામાં આવી રહી છે. હવે ચાલુ વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમોના આયોજનો દ્વારા તેને સાકાર કરવાનું નક્કી કરવામાં આવે છે, તે અંગે આપના સૂચનો મેળવવા આજની સભાનું આયોજન કરાયેલ છે.

સભામાં ઉપસ્થિત ભાઈ-બહેનોએ આ જાહેરાતને ઉત્સાહભેર વધાવી લીધેલ અને નવરાત્રી અગાઉ દાંડિયા રાસ, ડિસેમ્બર કે જાન્યુઆરી સિનિયર સીટીઝનો માટે યાત્રા પ્રવાસ, રમત-ગમત ક્ષેત્રે રસ ધરાવતા સમાજના ભાઈ-બહેનો માટે ઈન્ડોર ગેમ્સ, આઉટડોર ગેમ્સ - એથ્લેટીક સ્પર્ધા તથા ગત વર્ષની માફક પાટણ પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ જેવા વિવિધ મનોરંજક કાર્યોક્રમોનું સૂચન કરવામાં આવેલ. તેના અનુસંધાનમાં **સંસ્થા દ્વારા તા. ૩૦-૯-૨૦૧૮ ના સહારા સ્ટાર હોટલ ખાતે દાંડિયા રાસ તથા પાટણ પ્રિમિયર લીગના ખેલાડીઓનું ઓક્સન તેમજ જાન્યુઆરી માસમાં સિનિયર સીટીઝનો માટે મણિલક્ષ્મી યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે, જેની જાહેરાત કરવામાં આવેલ.**

દાંડિયા રાસના આયોજનની જાહેરાત થતાં કેટલાક સભાસદોએ સ્વચ્છિકપણે તેના ડોનેશન પાસ વિતરણ કરવા અંગેની ઉત્સુકતા દાખવવામાં આવેલ. તેમના નામોની યાદી અત્રે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. **તા. ૨૦-૦૮-૨૦૧૮ પછી તેઓ પાસેથી પાસ મળશે.**

આ ઉપરાત શ્રી પાટણ જૈન મંડળ મુખ્ય કાર્યાલય, ગોરેગામ તથા બોરીવલીના કાર્યાલયમાંથી પણ ડોનેશન પાસ મેળવી શકાશે.

| નામ | એરિયા | મો. નં. |
|---|---|---|
| શ્રી હિતેનભાઈ ચંપકલાલ વીમાવાળા | મરિનડ્રાઈવ | 9323742789 |
| શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહ | ,, | 7021817619 |
| શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ | ,, | 9322214197 |
| શ્રીમતી નીતાબેન કેતનભાઈ શાહ | વાલકેશ્વર | 9821532973 |
| શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ | ,, | 9820487090 |
| શ્રી મનીષભાઈ નલીનભાઈ શાહ | ,, | 9820043429 |
| શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ | ગોવલિયાટેન્ક | 9833116262 |
| શ્રીમતી નીશાબેન દિપેશભાઈ શાહ | ,, | 9821123191 |
| શ્રી પંકજભાઈ રતિલાલ શાહ | તારદેવ | 9821141913 |
| શ્રી પંકજભાઈ ગુલાબચંદ શાહ | સાંતાક્રુઝ | 9167239966 |
| શ્રી હરીશભાઈ મફતલાલ ચોક્સી | વિલેપાર્લા | 9322226239 |
| શ્રી કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી | ,, | 9821129819 |
| શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ | ,, | 9820126885 |
| શ્રી પંકજભાઈ નેમચંદ શાહ | અંધેરી | 9324563006 |
| શ્રી હરેશભાઈ ચંદુલાલ શાહ | ,, | 9820959186 |
| શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ | ,, | 9323953779 |
| શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા | ,, | 9819793001 |
| શ્રી યશવંતભાઈ મહાસુખલાલ શાહ | ગોરેગામ | 9324258240 |
| શ્રી વિજયભાઈ જશુભાઈ શાહ | ,, | 9820779680 |
| શ્રી નિલેશભાઈ અરૂણભાઈ શાહ | ,, | 9769282392 |
| શ્રી મિલનભાઈ વિપીનચંદ્ર શાહ | મલાડ/કંદિવલી | 9324370338 |
| શ્રી મીતેશભાઈ સુરેશચંદ્ર શાહ | ,, | 9022068665 |
| શ્રી પ્રકાશભાઈ લાભચંદ શાહ | બોરી/દહીંસર | 9820110167 |
| શ્રી જીગરભાઈ ગીરીશભાઈ શાહ | ,, | 9820280327 |
| શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ | મીરા/ભાયંદર | 9321150160 |
| શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ | વસઈ/વીરાર | 9820200523 |
| શ્રી અતુલભાઈ લલિતભાઈ શાહ | ઘાટકોપર | 9324806307 |

## સંસ્થા સમાચાર

### શ્રી સ્વસ્તિક ગ્રુપ અંધેરી (ઈ) પાટણ જૈન મંડળ

અંધેરી ઈસ્ટમાં વસતા પાટણના જૈન પરિવારોના મેમ્બર ધરાવતું શ્રી સ્વસ્તિક ગ્રુપે ૧૮માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. તે નિમિત્તે તા. ૧-૭-૨૦૧૮ના રોજ હોટલ વૃંદાવન અંધેરી વેસ્ટમાં રમતગમત સાથે જમણવારનો ગેટ ટુ ગેધરનો પ્રોગ્રામ કર્યો હતો જેમાં સર્વે મેમ્બરોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. અંધેરી ઈસ્ટમાં વસતા પાટણના જૈન પરિવારોને મેમ્બર બનવા નીચેના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી.

**રોહિતભાઈ 9821309981 સતીશભાઈ 9821096120**
**હરેશભાઈ 9820959186 બીપીનભાઈ 9322242047**
**મીતેનભાઈ 9819481787 રમેશભાઈ 9869032455**
**પ્રવિણભાઈ 9819533268**


## લગ્ન સબંધી

**નામ** : **ઉમંગ હિમાંશુભાઈ શાહ**
**જન્મ** : ૨૪-૪-૧૯૯૩ (ચેન્નઈ) **ઉંચાઈ :** ૬ ફિટ, **વર્ણ:** Fair
**માતા-પિતા** : સંધ્યાબેન હિંમાશુભાઈ વૃજલાલ
**અભ્યાસ** : B.B.M. (From Christ Univercity, Banglore)
**વ્યવસાય** : સ્વતંત્ર ધંધો (Directror)
**કંપનીનું નામ:** Bombay Tools Supplying Agency P. Ltd. - Chennai & Looking after factory in Hydrabad
**મોહલ્લો** : તંબોલી વાડો
**મોસાળ** : સમીર સુતરીયા (જૂહુ)
**સરનામું** : નં. ૨૬, ટેઈલર્સ રોડ, રેમ સ્ટ્રીટ, રેઈન - ફોરેસ્ટ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૪-સી, ચેન્નઈ-૬૦૦૦૧૦ Kilpauk
**ફોન** : હિમાંશુભાઈ 9840092742 સંધ્યાબેન 9840092746
**Email** : chennai@bombaytools.com

Advt

## SPORTS EVENTS

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટકમિટી આયોજીત **''સોમીરા પાટણ પ્રિમિયર લીગ''** ટુર્નામેન્ટનું આયોજન જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૯ની વચ્ચે થશે. શતાબ્દી વર્ષની ઉજવણી ટાણે અગાઉની સીઝનના **મુખ્ય સ્પોન્સરર શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ** (કેશુશેઠનો પાડો) **Somira Diam તેમજ શ્રી મુકેશભાઈ ચીમનલાલ પટણી** (લીમડીનોપાડો) આ બન્નેએ આ વર્ષે પણ ટુર્નામેન્ટના સ્પોન્સર અને કો.સ્પોન્સર તરીકેની આર્થિક જવાબદારી સ્વીકારીને ટુર્નામેન્ટના ખેલાડીઓ તેમજ આયોજકોના જુસ્સાને જોમ આપ્યું છે. તેમની આ સહૃદયતા અને સહકાર બદલ સ્પોર્ટ્સ સમિતિ તેમની આભારી છે.

Shri Patan Jain Mandal Sports committee is back with its 2nd season of **Somira Patan Premier League cricket tournament** to be held between January & March 2019. The online registration has been started on the following link :

**https://patanmandal.org/registration**

Players are requested to register themselves along with **Registration Fees Rs. 2500/- (Rs. 1000/- Refundable) + 1 photograph to be submitted in Mandal's office on or before 30th August 2018.** In case of more registrations, one more team will be launched with the squad of 17 instead of 16, to accommodate more players.

Those players who have not submitted their registration Fees as mentioned above are requested to pay the same and give their photographs at Shree Patan Jain Mandal, Marine Drive, Goregaon and Borivali Office.

Sports committee is also coming up with indoor sports i.e. Badminton, T.T. & Chess Tournaments between 15th Nov - 16th December.

Athletics will be held tentatively on 9th December Sunday. Online registration link & entry Fee for the same will be given in the next Pratibimb.

Patan Registration QR Code

https://patanmandal.org/registration

❑ **Sports Committee**

## પાટણનું ગૌરવ

**Sakshi Kalpesh Shah** Daughter of Smt./Shri Jignaben Kalpesh Maheshbhai Shah. (Kasumbiya Wado) - Secured 97.60% in SSC Exam. St. Xavier's High School, Borivali (E).

She has completed Abacus course (8 levels) with post graduation i.e. (master levels 2) from Drishti Academy and also Vedic Maths 4 levels, securing 2nd Runner up position in the state level competition.

She has also Acted in serials such as Saat-phere, Grahasthi, Chidiya Ghar and advertisements of Surf Excel etc as Child Artist. Has done the photo shoot for the annual report of Reliance industries.

**Sakshi** has done the full course of Bharat Natyam along with Master Degree and has completed the British council course with distinction from the Trinity University (Oxford). She has also given the exam शिक्षण संघ धार्मिक upto 6th level & Presently doing जीवविचार.

**Patan Jain Mandal wishes Sakshi a bright future and many more accomplishments & awards.**

### શ્રી પાટણ જૈન મંડળ
### ભવ્ય શતાબ્દી ઉજવણીના નિમિત્તે
### યોજે છે મણિલક્ષ્મી તીર્થ - ખંભાત

## યાત્રા-પ્રવાસ - વિજ્ઞપ્તિ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા લગભગ ૧૫ વર્ષ અગાઉ સમાજના ૬૫ વર્ષ કે તેથી વધુ વયના મુરબ્બી ભાઈ-બહેનો માટે **'જીવન સૌરભ'** નામનું એક અલાયદુ ફોરમ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. જેના માધ્યમે બહારગામના તીર્થ સ્થળોની યાત્રા પ્રવાસોના આયોજન કરવામાં આવે છે. તદ્અનુસાર ૦૬-૦૧-૨૦૧૯ થી ૦૯-૦૧-૨૦૧૯ દરમ્યાન મણિલક્ષ્મી તીર્થ યાત્રા પ્રવાસનું આયોજન થયેલ છે.

આ સઘળા આયોજનોમાં સમાજના દરેક વર્ગના મુરબ્બી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર જોડાઈ મંડળને પ્રોત્સાહન પુરૂ પાડે છે.

**આ યાત્રા પ્રવાસનો અંદાજીત રૂા. ૧૫ લાખ ખર્ચ થવા સંભવ છે, તે માટે સમાજના દિલાવર દાનવીરોને ''સ્પોન્સરશીપ'' લેવા વિનંતી કરવામાં આવે છે.**

**વધુ વિગત માટે સંપર્ક**

**શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ - 9820045595**
**શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ - 9323742789**
**શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ - 9833116262**
**શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ - 9322214197**

**આ યાત્રામાં સામેલ થવા ઈચ્છુકોએ આ અંકના પાના નં. પાંચ આપેલ ફોર્મ ભરી મોકલવું આવશ્યક છે.**



# શ્રી પાટણ જૈન મંડળ

## ભવ્ય શતાબ્દી ઉજવણીના ભાગરૂપે

## જીવન સૌરભ સમિતિ આયોજીત યાત્રા પ્રવાસ

# મણિલક્ષ્મી તીર્થ - ખંભાત

**સંવત ૨૦૭૫ માગસર વદ - ૩૦ થી પોષ સુદ ૩, રવિવાર, તા. ૬-૧-૨૦૧૯ થી ૯-૧-૨૦૧૯**

### સુચીત કાર્યક્રમ

રવિવાર તા. ૬-૧-૨૦૧૯ વડોદરા એક્સપ્રેસ દ્વારા પ્રયાણ, સોમવાર તા. ૭-૧-૨૦૧૯ મણિલક્ષ્મી તીર્થ, મંગળવાર તા. ૮-૧-૨૦૧૯ ખંભાત તથા રાત્રે વડોદરા એક્સપ્રેસ દ્વારા મુંબઈ તરફ પ્રયાણ, તા. ૯-૧-૨૦૧૯ સવારે મુંબઈ આગમન.

## અરજીપત્રક માહિતી ફોર્મ

રેફરન્સ નં. : ...............

| ક્રમ | પુરૂ નામ | જન્મ તા. ઉંમર | પાટણનો મહોલ્લો | મોબાઈલ / ફોન | રહેઠાણ વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |
| ૩. | | | | | |

તમારી પસંદગીના બોક્સમાં ☑કરો. સ્લીપર ક્લાસ ☐ અથવા થ્રી ટાયર એસી ☐

ફોર્મ મળ્યા તારીખ : .................................. ફોર્મ ભરનારની સહી : ........................................

રૂા. ....................................રોકડા મળ્યા છે. રકમ લેનારની સહી : ........................................

**ખાસ નોંધ :**

૧. ઉપરોક્ત યાત્ર પ્રવાસ ૬૫ વર્ષ કે તેથી વધુ વયના સિનિયર સીટીઝન માટે જ છે.
૨. ફક્ત ૨૫૦ વ્યક્તિઓનેજ વહેલો તે પહેલોના ધોરણે લેવામાં આવશે.
૩. વ્યકિતદીઠ રૂા.૫૦૦/- સ્લીપર ક્લાસ.
૪. થ્રીટાયર એસી માટે તફાવતની વધુ રકમ ભરવાની રહેશે.
૫. ફોર્મ સ્વીકારવાનો અંતિમ દિવસ શુક્રવાર, તા. ૧૭-૦૮-૨૦૧૮ છે.
૬. ફોર્મ ભરીને શ્રી પાટણ જૈન મંડળ - મરીન ડ્રાઈવ, ગોરેગામ અને બોરીવલી કાર્યાલય ખાતે પહોંચાડવું.
૭. શારીરિક રીતે અશક્ત કે માંદગી ધરાવનારે ફોર્મ ભરવું નહીં.
૮. જાન-માલના નુકસાન અંગે દાતા પરિવાર કે સંસ્થાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.
૯. પ્રવાસમાં જોડાવવા અંગેની નિયત રકમ કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.
૧૦. અરજી પત્રક મંજુર/નામંજુર કરવાના સર્વ હક્ક જીવન સૌરભ સમિતિને રહેશે.
૧૧. અરજી પત્રક સાથે પાન કાર્ડ અથવા આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી આપવાની રહેશે. ▶ વધુ વિગત માટે સંપર્ક જીવન સૌરભ સમિતિ.

---

**શ્રી પાટણ જૈન મંડળ - જીવન સૌરભ સમિતિ આયોજીત મણિલક્ષ્મી તીર્થ - ખંભાત**

રેફરન્સ નં. : ...............

| ક્રમ | પુરૂ નામ | જન્મ તા. ઉંમર | પાટણનો મહોલ્લો | મોબાઈલ / ફોન | રહેઠાણ વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |
| ૩. | | | | | |

તમારી પસંદગીના બોક્સમાં ☑ કરો. સ્લીપર ક્લાસ ☐ અથવા થ્રી ટાયર એસી ☐

સરનામું : ..........................................................................................................

..........................................................................................................

તા. ...................... રૂા. ............................ મળ્યા છે. રકમ લેનારની સહી:..............................

# સપનાને કોઇ એકસપાઈરી ડેટ નથી હોતી...

''દુનિયામાં બસ એ ચીજ છે લેવા જેવી,
બાબત કોઈ જેમાં નહીં શંકા જેવી;
માનવ એ કબુલી લ્યે છે આંખો મીચી.
સુંદર કોઈ વસ્તુ નથી સ્વપ્ન જેવી.....''

- **મરીઝ.**

સ્વપ્ન એટલે વર્તમાન અને ભવિષ્ય વચ્ચેની સંપર્ક યાત્રા. આ સ્વપ્ન શબ્દ નાજુક લાગે છે પણ છે ઘણો જાજરમાન. આ સ્વપ્ન છે તો જ આપણી જિંદગી છે, આ સ્વપ્ન છે તો જ ભવિષ્યની વાસ્તવિકતા છે. ઔષધની માફક આ સ્વપ્નની કદી કોઈ એકસપાઈરી ડેટ નથી હોતી, તે ગમે તે વયે, ગમે તે સ્વરૂપે, ગમે ત્યાં નિરખી શકાય છે, અને સાનુકૂળતા એ સિદ્ધ પણ કરી શકાય છે. સ્વ.શ્રી ધીરૂભાઈ અંબાણી એ પણ પોતાના વકતવ્ય માં જણાવેલ કે **''મેં સ્વપ્ન જોયું માટે રિલાયન્સ સ્થાપી શકાયું.'' આટલો વિશાળ કારોબાર સિદ્ધ કરી શક્યો.** આ સ્વપ્ન દ્વારા જ સસ્તાં સેલ ફોન ની શરૂઆત કરી અને **''કર લો દુનિયા મુઠ્ઠી મે''** જેવી નાનકડી ટેગ લાઈન આપેલ અને લોકોને તેનું ઘેલું લગાડેલ.

આપણે પણ જીવનમાં કાંઈક ને કાંઈક બનવાના, જીવનમાં કંઈક કરી દેખાડવાના સપના તો ચોક્કસ જોઈએ જ છીએ, પણ જો તે સાકાર ના થાય તો તરત નાસીપાસ થઈ જઈએ છીએ, ત્યારે ઉપર જણાવેલ સત્ય, **સ્વપ્નને કોઈ એકસપાઈરી ડેટ નથી હોતી** તે કેમ ભૂલી જઈએ છીએ.

બોર્ડની કે યુનિવર્સીટીની કે સીએ, સી.એસ. ની પરીક્ષામાં ધાર્યું પરિણામ ન આવતા હતાશ થઈ જઈએ છીએ. પુનઃ ધ્યેય તરફ કદમ માંડવા ને બદલે ખાલીપામાં સરકી જઈએ છીએ. ત્યારે પણ જરા શાંત મગજ થી વિચારીએ કે બધી જ પરીક્ષામાં બધાજ વિદ્યાર્થીઓ ઉર્તીણ થાય તે અશક્ય છે, માટે ફરી તે ધ્યેયને હાંસલ કરવાના સ્વપ્ન સાથે પુનઃ પ્રયત્ન કરવા જોઈએ,

**''કારણ... સ્વપ્નને કોઈ એકસપાઈરી ડેટ નથી હોતી.''**

વિવાહ, વેવિશાળ કે પ્રેમ માં સામા પક્ષે દગો મળતા જીવન માત્ર થી નિરાશ બની જઈએ છીએ અને ખાવા-પીવાનું, સ્વજન કે મિત્રો સાથે બોલવાનું, હળવા-મળવાનું છોડી દઈએ છીએ, ઘરના એકાંત ખૂણામાં ગોંધાઈ રહીએ છીએ અને શરીરને ક્ષીણ બનાવતા જઈએ છીએ, આવા સમયે જરા ધીરજ-સમતા રાખી, ''પ્રત્યેક સંબંધ સફળતાને વરે જ એ અનિવાર્ય નથી'' તેટલું સત્ય સ્વીકારી અથવા આપણા અંદરની ખામીઓનું સંશોધન કરી અન્ય સદસ્ય સાથે સંબંધ બાંધવા ના સ્વપ્ન સાથે આગળ ધપવું જોઈએ,

**''કારણ... સ્વપ્નને કોઈ એકસપાઈરી ડેટ નથી હોતી.''**

પતિ-સાસુ-સસરા ની સેવા ચાકરી, શિશુ ઉછેર, શિક્ષણ સાર-સંભાળ, પરિણય, સામાજિક વ્યવહાર આદી માં ચાલીસીએ પહોંચેલ ઘર ગૃહિણી એ પણ જીવનમાં કાંઈક કરવા અંગેના સ્વપ્નો સેવેલ હતા, જે પુરા ન કરી શકવાનો અથવા વ્યકત ન કરી શકવાના કે તેની માવજત ના લઈ શકવા વગેરેમાં પણ, આ અવસ્થા એ પહોંચ્યા બાદ સૌ ઘરના સદસ્યો પોત-પોતાની રીતે જીવનમાં સ્થાયી થઈ ગયેલ હોય ત્યારે પુનઃ અંદર ધરબી રાખેલ સ્વપ્નોને ખીલવી એક નવી દિશા આપી સાકાર કરવા રહ્યા **''કારણ... સ્વપ્નને કોઈ એકસપાઈરી ડેટ નથી હોતી.''**

ધર્મમાં રૂચી ધરાવતા હોઇએ, ધાર્મિક શાસ્ત્રો, કર્મ ગ્રંથ, જીનાગમ જેવા અભ્યાસ કરેલ હોય, ભક્ષ્યાભક્ષ્ય વિશે પરિચિત હોઇએ, જિન વાણી શ્રવણ કરતા હોઇએ, સાધુ-સાધ્વી ભગવંત ની વૈયાવચ્ચ કરતા હોઇએ, વિહારમાં તેઓની સાથે પગપાળા પણ ચાલ્યા હોઇએ. પ્રવજ્યા પ્રસંગે પણ પધારતા હોઇએ, તેમ છતાં પારિવારિક કારણોસર દિક્ષા અંગીકાર માં અંતરાય આવેલ હોઈ તેવા સમયે સ્નેહ - સમજણ પૂર્વક પરિવાર કે સ્વજનોની રાજીખુશી સંમતિ મેળવી મુમુક્ષુ બની મહાભિનિષ્ક્મણ માર્ગે પગલાં પાડવા. અંતઃકરણ પૂર્વક પ્રયાસ કરવા જોઈએ,

**''કારણ... સ્વપ્નને કોઈ એકસપાઈરી ડેટ નથી હોતી.''**

સ્વ. શ્રી એ.પી. જે. કલામ સાહેબના શબ્દો હતા કે. ''સ્વપ્ન એ નથી કે જે તમે સુતા જુવો... સ્વપ્ન તો એ છે કે તમને સુવા ના દે.''આ શબ્દો જ સ્વયં કેટલું કહી જાય છે કે કોઈપણ કારણોસર આપણા નંદવાઈ ગયેલ સંસાર ના સફળતા ના સ્વપ્નને પુનઃ નવપલ્લવિત કરવાની જિજીવિષા ક્યારે પણ છોડવી નહીં, કારણ આપણા સ્વપ્નો ઉપર માત્ર આપણો જ હક્ક છે. કોણ જાણે તે ક્યારે હકીકત બની જાય,

**''કારણ... સ્વપ્નને કોઈ એકસપાઈરી ડેટ નથી હોતી.''**

ઇતિહાસ સાક્ષી છે કે જેમણે સ્વપ્ન જોયા અને તેને સિદ્ધ કરવા સક્રિય પરિશ્રમ લીધો, જેના પરિણામે આજે તેઓના નામ તેની સાક્ષી પુરી રહ્યા છે, જેમાં ક્રિકેટ વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમ, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટીમ માં ૧૦૦ થી અધિક સદી ઓ નોંધાવનાર સચીન તેંડુલકર, બેડમીંટન કે વિમ્બલડન ક્ષેત્રે સાઈના નેહવાલ અને પી.વી. સીંધુ, લિયેન્ડર પેશ, મહેશ ભૂપતિ, રોઝેર ફેડરર, સેરેના વિલિયમ્સ, સાઈના મીરઝા, અવકાશ યાત્રી કલ્પના ચાવલા, બોક્ષીંગ ક્ષેત્રે મેરી કોમ, ઉપરાંત માયકલ જેકસન, ચાર્લી ચેપ્લીન, એમ એફ હુસૈન જેવા કેટલાંય નામો ગણાવી શકાય અને એકદમ તાજેતર ની વાત કરીએ તો આઈ.એ.એ.એફ. વિશ્વ અંડર ૨૦ની એથ્લેટીક્સમાં ભારત વતી ગોલ્ડ મેડલ જીતનાર હીમા દાસ કે ફૂટબૉલ વર્લ્ડ કપ જીતનાર ફ્રાન્સની ટીમ... તો હવે આપણે કેમ નહીં?? કારણ સમજી ગયાને.....!!!!

❑ **જ્ઞાનેશ જયચંદ લાપસિયા**

## નાણા રોકાણ - એજન્ટોને અપીલ

સમાજના એજન્ટો જે HDFC / ગૃહ ફાઈનાન્સ જેવી નામાંકિત અને સરકાર માન્ય કું. ઓ નાણા રોકાણનું કામ કરતા હોય તેઓને મંડળના નાણાનું રોકાણ કરવામાં રસ હોય તો પોતાનું પુરું નામ, પાટણનો મહોલ્લો, સરનામું તથા મોબાઈલ નંબર લેખિતમાં અથવા મંડળના Email: patanmandal@gmail.com મોકલવા. જેથી અનુકૂળતાએ અને ક્રમાનુસાર તેઓને પણ કામ આપી શકાય અને આ રીતે પણ સમાજ ઉત્કર્ષ સમિતિનો ધ્યેય સિદ્ધ કરી શકાય.

## તંત્રી સ્થાનેથી...

## જિંદગી સાવ નાની છે, તોએ ભઈલા મજાની છે
## જો આવડે જીવતા તો સારું.. નહીંતર પરેશાની છે..

રાતોરાત ધનિક થવાના સ્વપ્ના, યોગ્યતા વગર પ્રાપ્ત કરવાની તમન્ના, તાલીમ વગર ઉસ્તાદ ગણાવાની અધિરાઈ, મૂલ્ય ચૂકવ્યા વગર મહાન ગણાઈ જવાની ઉત્સુકતા, અંગત સ્વાર્થ સિદ્ધ કરવા જાહેર જીવનમાં ઝંપલાવીને 'સમાજ સેવક'નું બિરુદ પ્રાપ્ત કરવાની મનોકામના, આ છે મનુષ્યની હલકી મનોવૃત્તિનાં પરિણામો. **માનવતાને ન છાજે તેવાં સાધનો, સિફારશો ને ષડયંત્રોથી પોતાની જાતને 'મોટા', 'લોકપ્રિય' કે 'વી.આઈ.પી.' કહેવડાવવા માટે થતાં ભ્રષ્ટ, આચાર-વિચારો માણસને આજે મતિભ્રષ્ટ બનાવી રહ્યા છે.**

**આત્મા પ્રત્યે ઈમાનદાર રહ્યા વગર, માનવજાત પ્રત્યેનું કર્તવ્ય અદા કર્યા વગર, સમાજ અને જગત પાસેથી શ્રેષ્ઠ વસ્તુ વસુલ કરવા જતાં આવી વ્યક્તિઓએ અહંકારથી કરેલ કુકર્મોના ફળ સ્વરૂપ, વિદેશ પલાયન થવું પડે છે અથવા આજીવન કારાવાસ ભોગવવો પડે છે. હીનતાની હોડમાં ઝંપલાવીને વિજય વાવટો ફરકાવવાના શોખીનોની આ યાદી આશારામ બાપુના 'A' થી શરૂ થઈ ઝાકીર નાઈકના 'Z' સાથે પુરી થાય અને વચ્ચેના Alphabetમાં, બાબા રામ-રહીમ, લલિત મોદી, મેહુલ ચોક્સી, નીરવ મોદી તેમજ વિજય માલ્યા જેવા કેટલાંય ''થનગન ભૂષણોનો'' આમાં ઉમેરો થતો જ જાય છે.**

**વસ્ત્રોને જ ઈજ્જત માનતા આવા મનુષ્યોના જીવન વ્યવહારનું અને વાતચીતનું કેન્દ્રબીંદુ માત્ર 'અર્થોપાર્જન' જ હોય છે. ''હું''** નો વંટોળ આવા મનુષ્યોને 'આકાશે' ચઢાવીને સમી જાય છે, એ પછી આવા માણસો પાસે 'જમીન' પર પટકાયા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતોજ નથી. આથી ઉલટું 'ઈજ્જતના વસ્ત્રોને જે ધારણ કરે છે એની આબરૂ ટકી રહે છે, એની લાજ ક્યારેય લૂંટાતી નથી. સદાચારને સુખનો માર્ગ અને દૂરાચારને દુ:ખનો માર્ગ માનતા મનુષ્યો સન્માનને ઝંખવાને બદલે માનને પાત્ર બનવાના પ્રયાસ કરશે અને સંપત્તીવાન નહીં પણ સમૃદ્ધ બનવાનું પસંદ કરશે.'

સંસારમાં જે માનવીઓ સુખી છે તે અન્યના સુખની પરવા કરવાવાળા પરોપકારી હોવાથી સુખી છે અને જે દુ:ખી છે તે કેવળ પોતાનાજ સ્વાર્થ અને સુખની અદમ્ય ખેવનાને કારણે જ દુ:ખી છે. રોજિંદા જીવનમાં 'વધુને વધુ' અને 'જલ્દીમાં જલ્દી' મેળવવાની લ્હાયમાં માનવી, જીવનનો સાચો ધબકારજ ચૂકી જાય છે.

પોતાના વિશિષ્ટ મૂલ્યો કે દ્રઢ સિદ્ધાંતોથી જીવતા માનવીઓની સંખ્યા હવે ઓછી થતી જાય છે. આજે, આગવું વ્યક્તિત્વ ધરાવતા માનવીને શોધવા જવું પડે એવી પરિસ્થિતિ છે. જે માણસ ધૈર્યને પોતાની દીવાદાંડી, શાંતિને પોતાનો અભિન્ન મિત્ર અને ઈશ્વર પ્રત્યેની ઊંડી શ્રદ્ધાને પોતાનો રાહબર બનાવે છે એનું જીવન માનસિક ખિન્નતાથી મુક્ત રહી સફળતા પ્રાપ્ત કરે છે. કોઈપણ સફળ વ્યક્તિના જીવનનું અવલોકન કરીએ ત્યારે એ હકીકત સ્પષ્ટ દેખાશે કે, **''તેમની મહત્વકાંક્ષાઓ સાકાર કરવામાં નસીબને બદલે ખંતપૂર્વકની મહેનત, સહૃદયતા અને સ્થિરગતી વધુ સહાયક નિવડે છે.''**

માણસે આખી જિંદગીને સુખી બનાવવા, જ્યાં ત્યાં ફાંફા મારવાને બદલે, જીવનના પ્રત્યેક સુર્યોદયને આશા અને શ્રદ્ધાથી વધાવી, પ્રત્યેક ક્ષણને ભરપુર સુખોથી છલકાવવાની કળા શીખી લેવી જોઈએ. બધીજ કલાઓમાં જીવન જીવવાની કલા શ્રેષ્ઠ છે, સારી રીતે જીવન જીવી જાણે એજ સાચો કલાકાર.

**❑ સંપાદક સમિતિ**


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

Ashokbhai Salvi 09925233484 | Viral Salvi 09925651695 | Ujjaval Salvi 09825448498 | Nirmal Salvi 09898143484

**Tel (91-2766) 232172 / 222182**
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT



**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ •**
ADVT

# GROW YOUR OWN ORGANIC KITCHEN GARDEN...

We all know that use of chemical pesticides and synthetic fertilizers contribute to a decrease in plant food nutrients and increases high risk of obesity, breast cancer, damaged brain function, birth defects, parkinson's, miscarriages, prostate cancer, infertility, childhood leukemia, depression etc.

**Naturopathy** and **Ayurveda** has always advocate for organic food to attain **Arogya.** In traditional India, the entire agriculture was practiced using organic techniques, where the fertilizers, pesticides, etc., were obtained from plant and animal products. During 1950s and 1960s, the ever increasing population of India and several natural calamities lead to a severe food scarcity in India. As a result, large amount of land was brought under cultivation. Hybrid seeds were introduced. Natural and organic fertilizers were replaced by chemical fertilizers and locally made pesticides were replaced by chemical pesticides which killed required nutrition's and vitamins.

In western world, the Organic Gardening movement began in the late 1940s. Increase use of pesticides and synthetic fertilizers post Second World War triggered this movement. Renowned writers like Pliny and Virgil emphasized the importance of **"Good Husbandry To The Healthy Land."** In 1580, Thomas Tusser, in his thesis named **Five Hundred Pointes of Good Husbandry,** suggested crop rotation to maintain good health.

The term **'Organic Gardening'** means the systematic use of eco-friendly techniques. The three primary principles of Organic Gardening are – feed the soil, concentrate on prevention and opt for purest and most natural method of growing.

Most people think that kitchen garden needs a lot of space in the house, but it's a myth. The only requirements are a lot of patience and perseverance. Here are few tips for creating your own kitchen garden.

The suitable space for growing your own vegetables at home is open terrace/balcony or any place with abundant sunlight, like near window. The idea is to choose a spot which is shady but also gets direct sunlight for four to five hours a day. Try covering the plants to prevent them from the scorching heat, excess rain and wind.

Other than earthen pots, one can also use old plastic bottles, buckets and bathtubs as containers to grow vegetable and herbs. It promotes recycling and reusing.

Getting the right mix of soil is an important step as the nutrients in the soil determine how healthy the plants would grow. Get some regular soil from a nursery, add compost coir peat and natural manure to it. One can also add vegetable peels and cow dung to keep the soil organic and it helps in maintaining nutrients.

Seeds can be bought from local nursery. However one should go for open pollinated seeds than the hybrid ones. Once the seeds are sowed, it is ideal to cover the pot with a net till they grow into a sapling, to protect from the birds and rats eating them. While regular watering is a key factor for growing plants, excess water can cause damage and also wash away nutrients from the soil.

Check your plants regularly and prevent insects from breeding. In case there are bugs on the plant, spraying Neem water might help in keeping the insects away.

For first time gardener, go for a small pot and a single vegetable initially. One can grow a herb like, **Curry leaves,** used for a number of medicinal benefits. These leaves are commonly used in the preparation of Ayurvedic medicines. **Holy Basil,** full of medicinal properties, apart from being a sacred plant in India, is a very low-maintenance plant. **Coriander & Spinach** is rich in iron, antioxidants and vitamins. It is easy to grow at home, as the plant gets ready for harvest in a span of six to eight weeks. **chillies** can be grown even in containers at kitchen garden.

**Planting a garden is a wonderful hobby.** Gardening is a great gentle physical activity that can help older people to stay active, healthy and get in touch with nature. Gardening is a fabulous family activity as well and parents can spend some quality time with their kids, teaching about nature and how to be ecologically responsible.

Kids love to watch things grow and learning to garden can teach kids a lot of valuable skills like decision making and patience. **Gardening has also been shown to have significant health benefits. When gardeners choose to grow food organically, they are reducing their exposure to pesticides and potentially eating produce with a higher nutrient content.** Gardening also reduces stress and it counts as moderate-intensity exercise, which can help people live longer lives. Garden clubs are a great way to connect with other gardeners. NGO/local authorities often hold wonderful plant sales and garden tours.

In this era of chemicals, pesticides and toxins mixed in the vegetables, fresh home grown, organic herbs / vegetables are boon. **Growing own food can be a transformative experience.** Just imagine having some fresh vegetables / herbs right at home, you reach out to the little patch of plants in your kitchen garden and pluck the ones you need while cooking. So folks grow your own herbs / vegetables at home for a healthy life.

❑ **VIRAL NARENDRA JHAVERI**

## પાટણ પ્રતિબિંબ

**(રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે)**

**ફોર્મ નં. ૪**

**'પાટણ પ્રતિબિંબ' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| પ્રસિદ્ધિનો સ્થળ | : | **શ્રી પાટણ જૈન મંડળ**<br>૭૭, પાટણ જૈન મંડળ માર્ગ,<br>મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦ |
| પ્રસિદ્ધિનો ક્રમ | : | દર મહિને તા. ૨૫ અથવા ૨૬ મી |
| મુદ્રકનું નામ | : | ફકરી પ્રિન્ટર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ૩૧૨/એ, ભાયખલા સર્વીસ ઈન્ડસ્ટ્રી,<br>દાદાજી કોંડદેવ ક્રોસ રોડ,<br>ભાયખલા, મુંબઈ - ૪૦૦૦૨૭. |
| પ્રકાશનું નામ | : | **શ્રી પાટણ જૈન મંડળ, સંપાદક સમિતિ** |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ઉપર મુજબ |
| તંત્રીનું નામ | : | **શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ** |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ઉપર મુજબ |

હું શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ, માનદમંત્રી, સંપાદક સમિતિ આથી જાહેર કરું છું કે, ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

મુંબઈ, તા.

**સહી: ચંદ્રવદનભાઈ સારાભાઈ શાહ**
**માનદમંત્રી - સંપાદક સમિતિ**

## શ્રી પાટણ જૈન મંડળ
## દિવ્યાંગ યાત્રા પ્રવાસ
## સાપુતારા-શાહપુર તથા દેવલાલી

શ્રી પાટણ જૈન મંડળની દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા સમાજના દિવ્યાંગ બાળકોના લાભાર્થે ડિસેમ્બર માસ દરમ્યાન સાપુતારા - શાહપુર તથા દેવલાલી પ્રવાસનું આયોજન ગોઠવવામાં આવેલ છે.

**કાર્યક્રમ :** મુંબઈથી શુભ પ્રયાણ - તા. ૦૧-૧૨-૨૦૧૮ અને મુંબઈ શુભાગમન - તા. ૦૩-૧૨-૨૦૧૮

**સૌજન્ય દાતા : શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકભાઈ રેવંતીલાલ શાહની પુત્રવધુઓ** (કનાસાનો પાડો) **શ્રીમતી સોનમ વિશાલભાઈ શાહ તથા શ્રીમતી કોશા દર્શનભાઈ શાહ.**

**શ્રીમતી અરૂણાબેન કીર્તિકુમાર ગીરધરલાલ શાહની પુત્રવધુઓ** (જશપરાવાળા) **શ્રીમતી શીતલ હિતેશભાઈ શાહ તથા શ્રીમતી અન્વી ગૌતમભાઈ શાહ.**

## દિવ્યાંગ કાર્યશાળા

